જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૦/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૮૮/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી અને ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૦૦૪ લીટર દેશી દારૂ, ૫૬૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૫૯૯ બિયર ટીન, ૧ કાર, ૧ સ્કુટર અને ૧ લેડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૮૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠલ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૦/૧૫</u>**

**વટવા:** ઈનારૂલનીશા દીલબહાદુરહુસેન શાહ (ઉ.વ.૧૫)(રહે.અજીજપાર્ક ચિરાગ એસ્ટેટ પાસે બેદુજી કોમ્પલેક્ષ પાસે વટવા) ને તા.૦૨/૧૦/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી મોહમંદ વશીમ યાકુબ જુમ્મા મનસુરી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ઈનારુલનીશા ના પિતા દિલબહાદુરહુસેને તા.૧૪/૦૨/૨૦૧૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

**સરખેજ:** પંકજભાઈ શાંતીલાલ દુબલ (રહે.ઓરચીડ વ્હાઈટ ફીલ્ડ મકરબા રેલવે ફાટક પાસે) એ તા.૧૪/૧૦/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી ચાંદની (ઉ.વ.૧૭) નુ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૧/૧૫**

**બાપુનગરઃ** યોગેશગીરી અમૃતગીરી ગોસાઇ (રહે. નિલગીરી સોસાયટી વટવા) એ તા.૧૪/૧૦/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૪/૧૩ થી ૨૦/૧/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મુસ્તાક ખુદાબક્ષ શેખ (૨) સલમાબહેન મુસ્તાક શેખ (૩) મોહમદઆઝાદ મુસ્તાક શેખ (ત્રણેય રહે. સુલેમાન રોજાની ચાલી રોજા પાસે સરસપુર) (૪) ખુર્શિદઆલમ અબ્દુલ સૈયદ (૫) શેખ બાબુભાઇ (૬) શેખ શાલમ શેખ કાશી (૭) જીતુભાઇ અને (૮) ગીતાબહેન (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી બાપુનગર અનિલસ્ટાર્ચ મિલની બાજુમા રાધારમણની ચાલી પાસે આવેલ દુકાનમાં કોસ્મોરોઝ ઇન્ટરનેશનલ લીમીટેડ કંપનીમા યોગેશગીરી અને સાહેદો પાસેથી રૂપીયા ૪૦,૦૧,૫૦૦/- રોકાણ કરાવી અને એક હપતો ભર્યા બાદ આ કંપની બંધ થઇ જતા પણ આ કંપની ચાલુ છે તેમ જણાવી ઉપરોક્ત રોકાણ ખોટી રીતે કરાવી અને આ નાણા પોતાની પત્નીની ભાગીદારી વાળી કોસ્મો ઇન્ડીયા ટ્રેડીંગ કંપનીમા ઉપયોગ કરી યોગેશગીરી અને બીજા અન્ય ગ્રાહકોના પૈસાની ઠગાઇ કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૨/૧૫**

**વેજલપુરઃ** જહીરમીયા અફજલમીયા મલેક (રહે.અલઅમીનપાર્ક ભરવાડવાસ વિશાલા સર્કલ શાહવાડી જુહાપુરા) એ તા.૧૪/૧૦/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૯/૧૫ કલાક ૧૨/30 થી તા.૨૧/૯/૧૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકદ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ બી જાડેજા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૩/૧૫**

**બાપુનગરઃ** નજીરહુસેન ઈસ્માઈલભાઈ મનસુરી (રહે.ગુજરાત હાઉસીંગબોર્ડ બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર અજીતમીલ ગોલ્ડ ટંકનો આર્ટ કંપનીના ગેટ પાસે રાજકલમા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે ટ્રક નંબર જીજે ૧ સીટી ૯૮૨૯ નાચાલકે ટ્રક બેદરકારીથી રીવર્સમાં લેતા રામવિલાસ ટ્રકના વ્હીલ નીચે આવી જતા રામવિલાસનુ ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એ ચલાવે છે.

**નદીમાંથી લાશ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૪/૧૫**

**રીવરફ્રન્ટ ઈસ્ટઃ** અબાસભાઈ અબ્દુલભાઈ આરબ (ઉ.વ.૩૮) (રહે. આરબ ફળિયું લંધાવાડા ઢાલીયો જામનગર) ની લાશ તા.૧૪/૧૦/૧૫ કલાક ૮/૧૮ વાગ્યાના સુમારે સાબરમતી દધીચીબ્રીજ નીચે નદીમાંથી મળી આવતા આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અળખાભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહ્ત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૫/૧૫**

**રીવરફ્ન્ટ ઈસ્ટઃ** રમેશભાઈ રાવતભાઈ વાઘેલા (ઉવ.૪૨) (રહે. લીલામાતાની ચાલી, ગાંધીનગરનો ટેકરો સોહ્રાબજી કમ્પાઉન્ડ જુના વાડજ) એ કોઈ કારણસર તા.૧૪/૧૦/૧૫ ના કલાક ૭/૨૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે સાબરમતી દશામાના મંદિર આગળ નદીમાં પડી ડુબી જઈ આત્મહ્ત્યા કરી હ્તી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)